હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

આ લોકોએ ખોટો કાયદો કર્યો... અઢી લાખ રૂપિયાનાં ખર્ચામાં આમ પણ ફટાકડાની બંદૂક જ ફોડી શકાય....!!!

હોસ્પિટલમાં દર્દીઓની સારવાર નહીં કરીને પ્રાઈવેટમાં દર્દીઓને મોકલવાનું ચાલતુ રેકેટ...!

ગાંધીનગર, તા.પ

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલને રાજય સરકાર તરફથી કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવે છે. હોસ્પિટલમાં

ફરજ બજાવતા ડોકટર્સ અને મેડીકલ કોલેજમાં ફરજ બજાવતા એસોસીએટ અને આસીસ્ટન્ટ પ્રોફેસર સિવિલમાં કામ કરવાની સાથે સાથે પોતાની પ્રાઈવેટ કલીનીક કે હોસ્પિટલ ધરાવે છે. ત્યારે કેટલાક ડોકટર્સ ડરના માર્યા અન્ય વ્યકિતના નામે હોસ્પિટલ ચલાવે છે અને સામે લાખો રુપિયા નોન પ્રેકટીસ એલાઉન્સના પગાર સાથે લે છે ત્યારે ડોકટર્સની સાથે કેટલાક સિવિલના સ્ટાફ મેમ્બર તો ખાનગી હોસ્પિટલના એજન્ટ બની ગયા હોય તેમ દર્દીને સિવિલ હોસ્પિટલમાંથી પોતાને કમિશન આપતા પ્રાઈવેટ ડોકટર્સની હોસ્પિટલમાં મોકલી આપે છે. જયાં ફરીથી ટેસ્ટ કરાવાથી લઈને સારવાર અને ઓપરેશન સુધીનો ખર્ચો દર્દીને ભોગવવો પડે છે. ત્યારે પ્રાઈવેટમાં દર્દીને મોકલવાના રેકેટનો વધુ એક કેસ સામે આવ્યો છે. જેમાં ઓર્થોપેડીક વિભાગમાં જમણા પગમાં ફેકચર થવાને કારણે દર્દી એડમીટ થયો હતો તેને એકસરે સહિત જરુરી ટેસ્ટ હોસ્પિટલમાં ફરજ પરના તબીબે કરાવ્યા હતા અને સોમવારે ઓપરેશનનું દર્દીને જણાવ્યું હતું.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઓર્થોપેડીક વોર્ડમાં દાખલ દર્દીને આજે ઓપરેશનના દિવસે જ સ્ટાફ દ્વારા એવું કહેવામાં આવે છે કે સિવિલમાં ઓપરેશન થિયેટરનું ટેબલ બગડયું છે. એટલે આજે ઓપરેશન થશે નહી અને ટેબલ રીપેર થશે ત્યાર બાદ જ ઓપરેશન કરવામાં આવશે. દર્દથી કણસી રહેલો દર્દી આ વાકયો સાંભળી હતપ્રભ બની ગયો હતો. ત્યારે હોસ્પિટલના સ્ટાફ દ્વારા ચોકકસ ડોકટરનું નામ અને હોસ્પિટલમાં મોકલી આપવાનું સુંદર રેકેટ ચાલે છે ત્યારે ગરીબ દર્દીને ત્યાં ફરીથી એકસ-રે અને ટેસ્ટ કરાવીને ખાનગી ડોકટરે લાખો રૂપિયાનું એસ્ટીમેટ આપવામાં આવ્યું છે ત્યારે વારંવાર બગડવા પાછળ કે તેને ઝડપથી રીપેર નહીં કરાવીને દર્દીઓને પ્રાઈવેટમાં મોકલવાના રેકેટ અંગે સિવિલના કહેવાતા સત્તાધીશો અજાણ હશે કે પછી તે પણ આ રેકેટમાં સામેલ હશે તે પ્રશ્ન દર્દીઓના સ્નેહીજનોના મનમાં ઘુમરાયા કરે છે ત્યારે હોસ્પિટલમાં રોજના હજજારો દર્દીઓ ડોકટરને ભગવાન માનીને આવે છે ત્યારે દર્દીઓ પાસેથી આવી રીતે નાણા ખંખેરતા ડોકટરોને પાઠ ભણાવવો રહ્યો ત્યારે દર્દી અને સગાઓ આવા રેકેટ ચલાવતા ડોકટર્સ અને સ્ટાફ સામે કડક કાર્યવાહી થાય તેવી માંગ કરી રહ્યા છે.

એશિયન પેરા-બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં પારૂલ પરમારને ગોલ્ડ મેડલ

ગાંધીનગરની દિવ્યાંગ મહિલા ખેલાડીએ શહેર સહિત સમગ્ર રાષ્ટ્રનું નામ રોશન કર્યું : વિશ્વ દિવ્યાંગ દિન પ્રસંગે પારૂલ પરમારનો વિજય યાદગાર બની રહેશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના પેરા-બેડમિન્ટન ખેલાડી પારૂલ પરમારે ફરી એકવાર શહેર સાથે દેશનું નામ આંતરરાષ્ટ્રીય કક્ષાએ રોશન કર્યું છે. પારૂલ પરમારે તાજેતરમાં ચીનના બેઈજીંગ ખાતે દિવ્યાંગ ખેલાડીઓ માટે રમાયેલ બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશનની એશિયન પેરા-બેડમિન્ટન ચેમ્પિયનશીપમાં

એસએલ-૩ કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી સુવર્ણચંદ્રક મેળવ્યો છે. તાજેતરમાં ઉજવાયેલ વિશ્વ દિવ્યાંગ દિન પ્રસંગે પારૂલ પરમારે ગાંધીનગરને સુવર્ણ ચંદ્રકની ભેટ ધરી છે. જેના કારણે ખેલ જગતમાં આનંદનું મોજુ વ્યાપી ગયું છે.

● અનુસંધાન પાના - ૭ પર

રાજયની અનેક રેસ્ટોરન્ટ પર દરોડાથી ભારે ચકચાર

ગુજરાતની જુદી જુદી રેસ્ટોરન્ટ ઉપર આજે દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ચોક્કસ બાતમી મળ્યા બાદ સેલ્સટેક્સ વિભાગે ગુપ્તરીતે ઓપરેશન હાથ ધર્યું હતું અને એકાએક તમામ જગ્યાઓએ દરોડા પાડવામાં આવ્યા હતા. કોમોડિટી વેપારીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. સેલ્સટેક્સ વિભાગે ૬૦થી વધુ રેસ્ટોરન્ટ સામે તપાસ કામગીરી હાથ ધરી હતી. જુદી જુદી ટીમો બનાવીને આ તપાસ ચાલી હતી. દરોડાની કાર્યવાહી દરમિયાન વાંધાજનક દસ્તાવેજો મળી આવ્યા છે કે કેમ કેમ તે સંદર્ભમાં વિગત મળી શકી નથી.

ગાંધીનગર તાલુકાના વજાપુરા ગામે આજે વિશ્વ ધરતી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લા કૃષિતંત્ર દ્વારા સોઈલ હેલ્થ કાર્ડ યોજના અંગે સમજ સાથે જમીનની જાળવણી કેવી રીતે કરવી તેની વિગતવાર જાણકારી આપવામાં આવી હતી તે પ્રસંગની તસવીર.

કુ. હેલી પટેલનું ભરત નાટ્યમ્ ક્ષેત્રે આરંગેત્રમ્

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના સે. ૨૩ ખાતેના કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.એન. પટેલ

લલિતકલા એકેડેમીમાં ભારત નાટ્યમની તાલીમ પામનાર કુ. હેલી પટેલ દ્વારા તા. પમી ડિસેમ્બર રવિવારે ટાઉનહોલ ખાતે આરંગેત્રમ્ પ્રસ્તુત કરાયું હતું. આ પ્રસંગે સમારંભના મુખ્ય મહેમાન પદે મહિલા બાળ કલ્યાણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી નિર્મળાબેન વાઘવાણી તથા કૃષિ અને સહકાર વિભાગના સંસદીય સચિવ બાબુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સમારંભમાં અતિથિ વિશેષ પદે ભાજપના ગુજરાત પ્રદેશના કારોબારી સભ્ય નિતીનભાઈ પટેલ, પૂર્વ ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, કેએસવીના ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન ડૉ. વીણાબેન પટેલ તથા ચિંતન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમારંભના અધ્યક્ષ પદે કેએસવીના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલના હસ્તે કુ. હેલી પટેલને રૂ. ૨૫૦૦નો ચેક અર્પણ કરાયો હતો તથા નિર્મળાબેન વાઘવાણી અને બાબુભાઈ પટેલના હસ્તે આરંગેત્રમ્નું પદવી પ્રમાણપત્ર એનાયત કરાયું હતું.

આ પ્રસંગે કુ. હેલીના દાદા-દાદી, નાના-નાની, માતા-પિતા વગેરે ઉપસ્થિત વડીલોએ આશિર્વાદ પાઠવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે કુ. હેલીએ લલિતકલા એકેડેમીના સંચાલિકા દિનાબેન ડોડિયાના માર્ગદર્શન હેઠળ કલાગુરૂ શકુંતલાબેન ઓઝા પાસેથી સઘન તાલીમ પ્રાપ્ત કરી છે. કુ. હેલી પટેલ કડી સર્વ વિદ્યાલય સંકુલની એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડિયમ હાઈસ્કૂલના ધો. ૯માં અભ્યાસ કરે છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. વર્ષાબેન પારેખે સંભાળ્યું હતું. કાર્યક્રમના અંતમાં રીટાબેન પટેલે આભાર દર્શન પ્રગટ કર્યુ હતુ.

સાઈ ખાતે ખેલ મહાકુંભની રાજ્યકક્ષાની ફૂટબોલ સ્પર્ધા સંપન્ન

ફાઈનલમાં સુરેન્દ્રનગર રૂરલે જામનગર સીટીને ૩-૧થી હરાવ્યું

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના સે. ૧૫માં સાઈસંકુલ ખાતે ચાલી રહેલ ખેલ મહાકુંભની રાજ્યકક્ષાની ફૂટબોલ સ્પર્ધાની આજે ફાઈનલ મેચ રમાઈ હતી. જેમાં સુરેન્દ્રનગર જિલ્લાની રૂરલ ટીમે જામનગર સીટીને ૩-૧થી હરાવી સુવર્ણચંદ્રક જીતી લીધો હતો. આ સ્પર્ધામાં રાજ્યભરમાંથી કુલ ૫૧ ટીમોએ ભાગ લીધો હતો. ઈનામ વિતરણ સમારંભમાં જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ. બારડ તથા ગુજરાત વ્યાયામ મંડળના મહામંત્રી આર.કે. ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા.

ખેલ મહાકુંભ અંતર્ગત રાજ્યકક્ષાની ફૂટબોલ સ્પર્ધા ગાંધીનગરના સાઈ સંકુલ ખાતે ચાલી રહી હતી. આ સ્પર્ધામાં રાજ્યભરના દરેક જિલ્લાની ૩૦ વિજેતા ટીમો ઉપરાંત ૨૧ પસંદગીની ટીમો મળીને

કુલ ૫૧ ટીમોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ફાઈનલ મેચમાં સુરેન્દ્રનગર જિલ્લાની રૂરલ ટીમ વિજેતા બની હતી. જ્યારે જામનગર સીટી ટીમ રનર્સઅપ તથા રાજકોટ સીટી ટીમ તૃતીય ક્રમે રહી હતી. આ સ્પર્ધામાં ગાંધીનગર સીટી તથા જિલ્લાની રૂરલમાં વિજેતા તથા પસંદગીની ટીમો મળીને કુલ ૪ ટીમોએ ભાગ લીધો હતો. જોકે આ ચારેય ટીમોમાંથી એક પણ ટીમ ફાઈનલ સુધી પહોંચી શકી નહોતી.

શહેરની આર. જી. કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ વિધાનસભાની મુલાકાતે

સ્વતંત્ર ભાતના સૌપ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદની તા. ૩-૧૨-૨૦૧૬ના રોજ જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરવા આર.જી. શાળાની કુલ ૫૦૦ જેટલી

ધો-૯ થી ૧૨ની વિદ્યાર્થીનીઓ અને શાળાના આચાર્ય સુધાબેન પી. પટેલ તથા સુપરવાઈઝર ગીતાબેન પટેલ (સાયન્સ વિભાગ) મા. અને ઉ.મા. ના ૨૫ જેટલા શિક્ષકોએ વિધાનસભાની મુલાકાત લીધી હતી. ડૉ. રાજેન્દ્રપ્રસાદની છબીને પુષ્પાંજલી અર્પણ કરી સૌએ વિધાનસભા ગૃહની મુલાકાત લીધી હતી. ત્યાં તેમને વિધાનસભા ગૃહની બેઠક વ્યવસ્થા તથા વિધાનસભાની કાર્યપધ્ધતિ ભારતીય બંધારણની જોગવાઈ અનુસાર હોય છે તે સમજાવવામાં આવ્યું હતું. વિધાનસભામાં કોઈ પણ પ્રશ્નની રજુઆત ધારાસભ્ય કઈ રીતે કરે છે તેની ચર્ચા કઈ રીતે થાય છે. કુલ ત્રણ બેઠકમાં બહુમતીથી નિર્ણય લઈ જે તે પ્રશ્નની રજુઆત રાજયપાલ શ્રીની સહી અને મંજુરી માટે મોકલાય છે ત્યારબાદ ખરડો પસાર થાય છે અને ખરડો કાયદો કેવી રીત બને છે તે સમજાવવામાં આવ્યું હતું. તદ્ ઉપરાંત વિધાનસભામાં મુખ્ય અધ્યક્ષ ગણાય તેમની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષ કાર્ય સંભાળે છે. વિધાનસભાનું સત્ર કયારે બોલાવવું બધી રજુઆત સાંભળવી કે કોઈ પણ નિર્ણય લેવાની સત્તા અધ્યક્ષને હોય છે તે પણ વિસ્તારપૂર્વક સમજાવવામાં આવ્યું હતું. વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવા છતાં ખૂબ સરસ રીતે કાર્યપધ્ધતિ વિધાનસભા ગૃહના કાર્યકર મોદીભાઈએ સમજાવી હતી અને ભારતીય બંધારણના બે પુસ્તકની શાળાના આચાર્યને ભેટ આપવામાં આવી હતી. તેમણે દરેક શિક્ષક તેને વાંચી વિદ્યાર્થીઓને ભારતીય બંધારણ સમજાવે તેવો અનુરોધ પણ કર્યો હતો.

શ્રી ગાંધીનગર વસાહતી બસો બ્યાસી વણકર સમાજ દ્વારા આયોજીત સમગ્ર વણકર સમાજનો ૭મો સમુહલગ્ન સમારોહ ગાંધીનગર શહેરના સે-૧૬ ઓપનએર થિયેટર ખાતે યોજાયો હતો. આ પ્રસંગે નવદંપતિઓને આર્શિવાદ આપવા વિધાનસભાના અધ્યક્ષ રમણભાઈ વોરા, સંસદીય સચિવ પૂનમભાઈ મકવાણા, અનિલભાઈ, વોર્ડ નં. ૬ના કોર્પોરેટર નાઝાભાઈ ઘાંઘર સહિતના આગેવાનોએ સુખી દામ્પત્ય જીવનના આર્શીવાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે મહેમાનોએ પ્રસંગોચિત ઉદબોધન કર્યા હતા જયારે કોર્પોરેટર નાઝાભાઈ ઘાંઘરે ગાંધીનગર વસાહતી બસો બ્યાસી વણકર સમાજને આ પ્રસંગે રૂ. ત્રણ લાખનું દાન આપ્યું હતું. સમાજના સભ્યોએ દાનનો સ્વીકાર કરી નાઝાભાઈને બિરદાવી અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

ડીવાયએસપી સંવર્ગના અધિકારીઓની બદલી-બઢતીના ભણકારા

ગાંધીનગર, તા. ૫

રાજ્યના ૧૧ આઈપીએસ અધિકારીઓની બદલી બાદ એડીવાયએસપી કક્ષાના અધિકારીઓની બદલી અને બઢતી માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં ખાલી પડેલી નાયબ પોલીસ અધિક્ષક સંવર્ગની ખાલી જગ્યાઓ બઢતી ભરવા માટેની પ્રક્રિયા ગૃહ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

પીઆઈ સંવર્ગના અધિકારીઓને ડીવાયએસપી તરીકે બઢતી આપવા માટે ડીબીસીની બેઠકમાં પસંદગી યાદી તૈયાર કરી દેવામાં આવ્યા બાદ જીપીએસસીની મંજુરી અર્થે આ યાદી મોકલી આપવામાં આવી હતી. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ દરખાસ્તને જીપીએસસી દ્વારા ટુંકમાં મંજુરી આપવાની પ્રક્રિયા પૂર્ણ કરીને ગૃહ વિભાગને પરત મોકલી આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ જીપીએસસીમાંથી મંજુરી મળ્યા બાદ આ સપ્તાહના અંતમાં અથવા આવતા સપ્તાહે ડીવાયએસપી સંવર્ગમાં બઢતી આપવાની તેમજ બઢતીની પ્રક્રિયા હાથ ધરીને બદલી બઢતીનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ત્રણથી ચાર ડીવાયએસપી સંવર્ગના અધિકારીઓને એસપી. તરીકે બઢતી આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

હવે જેઈઈ મેઈન પરીક્ષા ૨ એપ્રિલના દિને લેવાશે

આઈઆઈટી અને આર્કિટેક્ટ સહિતની ઈજનેરી સંસ્થાઓમાં પ્રવેશ માટે દર વર્ષે લેવાતી જેઈઈ મેઈન પરીક્ષા ૨ એપ્રિલે લેવાશે. અમદાવાદના ૩૧થી વધુ સેન્ટર અને દેશના ૧૦૩ શહેરમાં આ પરીક્ષા લેવાશે. વિદેશના ૮ શહેર કોલંબો, કાઠમંડુ, સિંગાપોર-દુબઈ, મસ્કત, રિયાધ અને શારજાહમાં પણ જેઈઈના કેન્દ્રો કાર્યરત થશે, જેમાં ૨ એપ્રિલે પરીક્ષા યોજાશે. ગુજરાતમાં અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, વલસાડ, ગાંધીનગર, ભાવનગર, પાટણ શહેરોમાં પરીક્ષા યોજાશે. પરીક્ષાનું ઓનલાઈન રિજસ્ટ્રેશન ૧ ડિસેમ્બરથી શરૂ થી ચુક્યું છે. સીબીએસસી તરફથી આયોજિત આ પરીક્ષામાં પહેલી વાર આધારકાર્ડ ફરજિયાત બનાવાયું છે. આધારકાર્ડ ધરાવનાર વિદ્યાર્થી જ જેઈઈ મેઈનની પરીક્ષા માટે ઓનલાઈન અરજી કરી શકશે. પરીક્ષા ફોર્મમાં વિદ્યાર્થીએ પોતાનો આધાર નંબર, જન્મતારીખ, નામ જાતિ વગેરેની વિગતો ભરવી પડશે. સવારે ૯.૩૦થી ૧૨.૩૦ અને બપોરે ૨ થી ૫ એમ બે ભાગમાં પરીક્ષા યોજાશે. અમદાવાદ શહેરમાંથી ૨૦ હજાર અને ગુજરાત રાજયમાંથી ૯૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ જેઈઈની પરીક્ષા આપશે તેવો અંદાજ છે.

સે-૧૫ ફતેપુરા ગામે મહાકાળી માતાજીનો ૧૮મો પાટોત્સવ ધામધુમથી ઉજવાયો

ભામાશા રોહિતજી ઠાકોર અને જાણીતા ગુજરાતી ફિલ્મ એકટર વિક્રમ ઠાકોરના હસ્તે મહાકાળી લગ્ન હોલનો શુભારંભ, શોભાયાત્રામાં હજજારો ભકતો ઉમટ્યા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ફતેપુરા ગામ સ્થિત મહાકાળી માતાજી મંદિરના ૧૮માં પાટોત્સવની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. પાટોત્સવ નિમિતે આયોજીત માતાજીની શોભાયાત્રામાં અનોખુ ધાર્મિક વાતાવરણ સર્જાયું હતું. આ ધાર્મિક પ્રસંગે ગ્રામજનો દ્વારા સ્વચ્છતા ઝુંબેશ અને વ્યસન મુકિત પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો.

ફતેપુરા ગામમાં ૧૮માં પાટોત્સવ પ્રસંગે માતાજીના મંદિરે

મોટીસંખ્યામાં ભકતો ઉમટ્યા હતા. શોભાયાત્રાને ધારાસભ્ય અશોકભાઈ પટેલે પ્રસ્થાન કરાવ્યું હતું અને માતાજીના આશિર્વાદ મેળવ્યા હતા. જયારે સાંજે પાંચ કલાકે ઠાકોર સમાજના જાણીતા ભામાશા રોહિતજી ઠાકોર (આંબલીવાળા) અને ગામના અને જાણીતા ગુજરાતી ફિલ્મ સ્ટાર વિક્રમ ઠાકોરના હસ્તે મહાકાળી લગ્નહોલનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ફતેપુરા ગામમાં સવારથી જ વિવિધ કાર્યક્રમોને પગલે સવારે ૭.૩૦ કલાકે માતાજીના હવનનો પ્રારંભ થયો હતો. ત્યારબાદ ૮.૩૫ કલાકે મંદિર ખાતેથી ધારાસભ્ય અશોક પટેલે શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું અને ત્યારબાદ ડીજે ના તાલે શોભાયાત્રા ગામના માર્ગો પર પરિભ્રમણ કર્યું હતું. શોભાયાત્રામાં મોટીસંખ્યામાં ગામના ભાઈ બહેનો જોડાયા હતા અને ગરબે ઘુમતા નજરે પડ્યા હતા.તેમજ યુવાનો ડીજેના તાલે નાચગાન કરીને ઉમંગ ઉત્સાહથી ઝુમી ઉઠ્યા હતા. આ શોભાયાત્રામાં તમામ ભકતો ગુલાલના રંગે રંગાયેલા નજરે પડતા હતા. બાદમાં સાંજે ૪ કલાકે શોભાયાત્રા મંદિરે પરત ફરી હતી. સાંજે ૫ કલાકે ભામાશા રોહિતજી ઠાકોર અને વિક્રમ ઠાકોરના હસ્તે મહાકાળી લગ્ન હોલનો શુભારંભ કર્યો હતો. આ પ્રસંગે મોટીસંખ્યામાં ગ્રામજનો તેમજ ભાવિભકતો હાજર રહ્યા હતા. ગામમાં સવારથી જ વિવિધ કાર્યક્રમોને પગલે અનોખુ ધાર્મિક વાતાવરણ સર્જાયું હતું. પાટોત્સવ પ્રસંગે અંદાજીત પાંચ હજાર જેટલા ભકતોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. માતાજીના સુંદર પ્રસંગે ગામના યુવાનોને સ્વચ્છતા અને વ્યસન મુકિત પર વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો.